**ડાંગર સંશોધન કેન્દ્ર,**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**ડભોઇ – ૩૯૧ ૧૧૦, જી. (વડોદરા)**

**<u>ડાંગર સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ, ડભોઈ ખાતે ખેડૂત શિબિર તેમજ પાક પરિસંવાદ યોજાયો.</u>**

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે કાર્યરત સરદાર સરોવર પ્રોજેક્ટ યોજના અંતર્ગત તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ઘઉં પાકની ખેતી પદ્ધતી તેમજ પિયત વ્યવસ્થાપન વિષયક ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમા કુલ ૪૫ જેટલા ખેડૂત ભાઈઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. વી. એન. રૈયાણી, રીસર્ચ એસોસીએટ દ્વારા કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ અધીકારીશ્રી તેમજ કર્મચારી અને ખેડૂત ભાઇઓ દ્વારા દિપ પ્રાગત્ય કરી કાર્યક્રમની શરુઆત કરવામા આવી.

અત્રેની કચેરીના વડાશ્રી ડૉ. એ. જી. પંપાણીયા સાહેબ દ્વારા કેન્દ્ર ખાતે ચાલતી કામગીરી વિષે અવગત કરાવ્યા અને ઘઉની અલગ અલગ નવી જાતો વિષે માર્ગદર્શન આપ્યું. વડાશ્રીએ નેચરલ ફાર્મીંગ વિશે માહીતી આપી ખેડૂત ભાઇઓ ને તેઆ વિશે અવગત કરાવવામા આવ્યા.

કચેરીના ખેતી અધીકારીશ્રી ડૉ. એસ. વી. મહિડા સાહેબે ખેતી ખર્ચ ઘટાડ્વા તેમજ ખેતીમા નવીન પદ્ધતી અપનાવી વધુ ઉત્પાદન મેળવવા સારુ સમજણ આપી તેમજ બાગાયતી પાકોની અને તેમના ધરુ મેળવવા માટે ની સમજૂતી આપી.

સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત સિનિયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલ એન. રૈયાણી સાહેબે ખેડૂતોને  ઘઉં ના પાકમાં ખાતર તેમજ પાક સંરક્ષણ અંગે ની વિસ્તુત જાણકારી આપી. ઘઉની આધુનિક ખેતી પધ્ધતિ વિશે સમજણ આપી હતી. તથા ઘઉં ના પાકમાં પાણીના વ્યવસ્થાપન વીશે માહીતિ આપી હતી તેમજ સોઇલ ટેસ્ટીંગ વિશે વિગતવાર માહીતી આપી અને તેના દ્વારા ખાતર ની બચત થાય તે વિશે માહીતી આપી હતી. અંતે બધા ખેડૂતોને ઘઉનું બિયારણ વિતરણ કરી કાર્યક્રમ પુર્ણ કર્યો.


"ખેડૂત શિબિર"


"ખેડૂત શિબિર"


"ખેડૂત શિબિર"


ડાંગર સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
સરદાર સરોવર યોજના અંતર્ગત